

અરેબિયન નાઈટ્સ

સોનાનો ઘડો




વાલ બીરો

એક વાર બગદાદમાં એક વેપારી હતો જેનું નામ ખાલિદ હતું. ઘણા વર્ષોથી એ મક્કાની તીર્થયાત્રા કરવા ચાહતો હતો, અને હવે આખરે એ સમય આવી ગયો હતો. એ સુનિશ્ચિત કરવા કે પાછો આવે ત્યારે એની પાસે થોડા પૈસા સુરક્ષિત હોય, એણે એક ઘડામાં સોનાના એક હજાર સિક્કા ભર્યા અને ઢાંકણું બંધ કરતા પહેલા એણે એને જૈતૂનના ફળથી ઢાંકી દીધા.



એ ઘડાને એ એના મિત્ર મહમૂદ પાસે લઈ ગયો, જે એનો એક સાથી વેપારી હતો. એણે કહ્યું, "કૃપા કરીને થોડા મહિનામાં હું પાછો આવું ત્યાં સુધી મારા આ જૈતૂનના ઘડાને સુરક્ષિત રાખજે." મહમૂદ એને માટે સ્વેચ્છાએ તૈયાર થઈ ગયો, અને એણે એ ઘડાને એના કોઠારમાં તાળા-ચાવી હેઠળ મૂકી દીધો.

એની તીર્થયાત્રા પૂરી કર્યા પછી, ખાલિદ મક્કામાં બનેલા એના મિત્રો સાથે ઊંટના કાફલા પર સવાર થઈને મિસર અને આસ-પાસના દેશોના પ્રસિધ્ધ સ્થળોની યાત્રા કરવા ચાલ્યો ગયો. એ દેશો વિષે એણે ઘણી અદ્ભૂત વાર્તાઓ સાંભળી હતી.



યાત્રાઓ એટલી મોહક હતી કે ખાલિદ એની ઇચ્છાથી ઘણો વધારે સમય બહાર રહ્યો.

હકીકતમાં, એને ઘરે પાછા ફરવામાં પૂરા ચાર વરસ લાગી ગયા.


દરમ્યાન, મહમૂદ વિચારવા લાગ્યો કે શું ખાલિદ ક્યારેય એનો જૈતૂનનો ઘડો પાછો લેવા આવશે. આટલા લાંબા સમય પછી, એણે માની લીધું કે ખાલિદ કોઇ દૂરના દેશમાં મરી ગયો હશે.

"મને બિચારા ખાલિદ પર દયા આવે છે," એણે એક સાંજે વિચાર્યું, "પણ નિશ્ચિતરૂપથી એના જૈતૂન ખરાબ થવા ન જોઈએ." એટલે એણે ઘડાને ખોલ્યો, અને એણે જોયું કે થોડા કરચલીઓવાળા જૈતૂનની નીચે એ સોનાના સિક્કાથી ભરેલો હતો!



મહમૂદ આશ્ચર્યચકિત થઇ ગયો! ભાગ્યેજ એની આંખો પર ભરોસો કરતા, એણે સોનુ બહાર કાઢ્યું અને એને છુપાવી દીધું. પછી એણે ઘડાને તાજા જૈતૂનથી ભરી દીધો અને પહેલા રાખ્યો હતો ત્યાં મૂકી દીધો.

તમે કલ્પના કરી શકો છો કે મહમૂદને કેટલું આશ્ચર્ય થયું હશે જયારે ખાલિદ બે અઠવાડિયા પછી, જીવતો અને સ્વસ્થ પાછો આવ્યો અને એણે એનો ઘડો પાછો માંગ્યો. જયારે ખાલિદ સુરક્ષિત ઘરે પહોંચ્યો, તો એણે સિક્કાનો સ્પર્શ કરવા ઘડામાં હાથ નાખ્યો. પણ એને એમાં ફક્ત જૈતૂન જ મળ્યા. સોનાના બધા સિક્કા ગાયબ હતા.




એટલે ખાલિદ એના મિત્ર પાસે પાછો ગયો અને એને નમ્રતાપૂર્વક કહ્યું કે જો એણે કોઇ જરૂરી કામ માટે એનું સોનુ ઉધાર લીધું હતું, તો એ એની સગવડ પ્રમાણે પાછું આપી દે. પણ મહમૂદે એ વાતનો જોરદાર વિરોધ કર્યો કે એણે સોનુ લીધું હતું. એક લાંબી દલીલ થઇ, જે એના પાડોશીઓને બહુ મનોરંજક લાગી.

અંતે, ખાલિદને લાગ્યું કે એ બાબતનો ફેંસલો કાજી કે મેજિસ્ટ્રેટ જ કરી શકશે.

સુનાવણીના દિવસે, વિવાદ સાંભળવા માટે ભીડ જમા થઇ ગઇ. પાડોશીના થોડા બાળકો પણ સાંભળવા આવ્યા.

પણ છેવટે મહમૂદ એટલો સારો મિત્ર ન હતો. એણે સમ ખાધા કે ઘડામાં એક પણ સોનાનો સિક્કો ન હતો, અને એ વાત પર સંદેહ હતો કે એમાં ક્યારેય સોનાના સિક્કા હતા પણ ખરા, કારણકે ખાલિદે ફક્ત જૈતૂન વિષે જ વાત કરી હતી.



ખાલિદે જોર દઈને કહ્યું કે એણે ઘડામાં જૈતૂનના થોડા ફળની નીચે સોનાના એક હજાર સિક્કા છુપાવ્યા હતા, અને એણે મહમૂદ પર ભરોસો કર્યો હતો કે એ એને સુરક્ષિત રાખશે, કારણકે એ એનો મિત્ર હતો.


કેમકે બંને પક્ષે કોઈ સાક્ષી ન હતા, એટલે કાજીએ કેસ કાઢી નાખ્યો. "તો ઠીક છે," ખાલિદે વિદ્રોહી સ્વરમાં કહ્યું, "હું સ્વયં ખલીફાને આજીજીભરી વિનંતી કરીશ. એ મને સાચો ન્યાય આપશે."

એવું બન્યું કે ખલીફા હારુન અલરશીદ ખાલિદના મામલાની સુનાવણીના એક દિવસ પહેલા શહેરમાં એનો પારંપરિક વિહાર કરવા નીકળ્યા.




જયારે એણે ત્યાં થોડા બાળકોને નકલી સુનાવણીનો અભિનય કરતા જોયા, તો એ રોકાઈ ગયા. બાળકો "સોનાનો ઘડો" વાળા વાસ્તવિક ખટલાની નકલ કરી રહ્યા હતા. પણ જેમ-જેમ સુનાવણી આગળ ચાલી, અલી નામના એક છોકરા દ્વારા નિભાવવામાં આવેલા કાજીએ જૈતૂનના ઘડાની તપાસ કરવાની આજ્ઞા કરી.

જૈતૂનના વેપારી હોવાનું નાટક કરવાવાળા બે છોકરા એક ઘડો લઈને આવ્યા, પછી એણે જૈતૂનના ફળોનો સ્વાદ ચાખવાનો પ્રયાસ કર્યો, અને કહ્યું કે જૈતૂન બહુ તાજા અને રસાળ હતા. "પણ જો મહમૂદનો દાવો સાચો હોય," નકલી કાજી અલીએ કહ્યું, " અને કેમકે એને ચાર વરસ પહેલા ઘડામાં નાખવામાં આવ્યા હતા, તો જૈતૂન અત્યાર સુધીમાં ખરાબ થઈ ગયા હોત, અને એમાં ફૂગ વળી ગઈ હોત. હું ઘોષણા કરું છું કે મહમૂદે તાજેતરમાં જ ઘડામાં તાજા જૈતૂન નાખ્યા હશે, અને એટલે એણે જ સોનાના સિક્કા લીધા હશે."




ખલીફા અલીની બુદ્ધિમત્તાથી એટલા પ્રભાવિત થયા કે એણે બીજે દિવસે ખાલિદનો મામલો સાંભળવા માટે છોકરાને મહેલમાં આવવા માટે આમંત્રિત કર્યો.



બીજે દિવસે સુનાવણીમાં, ખલીફાએ અલીને ન્યાયાધીશ બનવા માટે પોતાની સામે ઉભો કર્યો.

સુનાવણી બરાબર એવી રીતે જ આગળ ચાલી જેમ બાળકોની રમત દરમ્યાન ચાલી હતી, અને અલીએ જૈતૂનના ઘડાને જોવાનો આદેશ કર્યો. પણ અહીં ખાલિદનો અસલી ઘડો લાવવામાં આવ્યો અને એમાં રહેલા જૈતૂનને અસલી જૈતૂનના વેપારીઓએ ચાખ્યા.

"નિઃસંદેહ," એમણે કહ્યું, "આ જૈતૂન તો સાવ તાજા છે અને આ વરસની ફસલના છે. એ જરાય ચાર વર્ષ જૂના નથી."



ખલીફાએ એનો નિર્ણય સંભળાવ્યો કે મહમૂદ ચોરી કરવાનો ગુનેગાર હતો. એણે મહમૂદને, ખાલિદને સોનુ પરત કરવાનો આદેશ આપ્યો. અને એને એના ખોટા કામનો પશ્ચાતાપ કરવા છ મહિના માટે જેલમાં મોકલ્યો.

અંતે ન્યાય થયો. ખાલિદનું સોનુ પાછું આપવામાં આવ્યું અને મહમૂદને ઉચિત સજા આપવામાં આવી. અને અલીને ખલીફાએ ઇનામમાં એક પર્સ આપ્યું જેમાં સોનાના સો સિક્કા હતા - આટલી નાની ઉંમરમાં મહાન બુદ્ધિમત્તા દેખાડવા માટે એ ખરેખર એક સારું ઇનામ હતું.

